# વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો

---

## વિકાસ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે આ વિધાન કોણે રજૂ કર્યું છે ?

A. ટોડેરો

B. કેન્ડલ બર્જર

C. માર્શલ

D. મેચલ

- A.ટોડેરો

## દેશના આર્થિક વિકાસમાં વધારો થવાથી .....

A. ખેતીક્ષેત્રનો ફાળો ઘટે છે.

B. ખેતીક્ષેત્રનો ફાળો વધે છે.

C. ઉદ્યોગક્ષેત્રનો ફાળો ઘટે છે.

D. સેવાક્ષેત્રનો ફાળો ઘટે છે.

- A.ખેતીક્ષેત્રનો ફાળો ઘટે છે.

## 2014માં માનવવિકાસ અહેવાલ મુજબ ભારતની માથાદીઠ આવક કેટલા ડૉલર હતી ?

A. 7110

B. 7068

C. 480

D. 5497

- D.5497

## 2014માં વિશ્વમાં માનવવિકાસ આંકની દ્રષ્ટિએ ભારતનો ક્રમ કેટલામો હતો ?

A. 127

B. 128

C. 129

D. 130

- D.130

## કયો ખ્યાલ ગુણાત્મક છે ?

A. રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર

B. માથાદિઠ આવકનો વૃદ્ધિદર

C. આર્થિક વૃદ્ધિ

D. આર્થિક વિકાસ

- D.આર્થિક વિકાસ

## વિકાસ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે આ વિધાન કોણે રજૂ કર્યું છે ?

A. ટોડેરો

B. કેન્ડલ બર્જર

C. માર્શલ

D. મેચલ

- A.ટોડેરો

## જીવનની ભૌતિક ગુણવત્તાના આંક(PQLI)નું મહત્તમ મૂલ્ય કેટલું હોય છે.

A. 100 થી ઓછું

B. 100 થી વધુ

C. 100

D. શૂન્ય

- C.100

## માનવવિકાસ આંકનું મૂલ્ય કેટલું હોય છે ?

A. શૂન્ય

B. 1

C. 0થી 1 ની વચ્ચે

D. 100

- C.0થી 1 ની વચ્ચે

### આર્થિક વ્રુદ્ધિનો પ્રશ્ન મુખ્યત્વે કેવાં રાષ્ટ્રોના પ્રશ્નો સાથે સંકળાયેલા છે ?

A. વિકસિત

B. વિકાસશીલ

C. પછાત દેશો

D. ત્રીજા વિશ્વના દેશો

- A.વિકસિત

### આર્થિક વિકાસ એ આર્થિક વૃદ્ધિનું ........

A. કારણ છે.

B. પરિણામ છે.

C. સાધન છે.

D. સાધ્ય છે.

- A.કારણ છે.

## 2014માં માનવવિકાસ આંકની દ્રષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવનાર દેશ હતો ?

A. જપાન

B. નૉર્વે

C. અમેરિકા

D. ભારત

- B.નૉર્વે

## આર્થિક વૃદ્ધિ એટલે શું ?

- આર્થિક વૃદ્ધિ એટલે સમયના લાંબા ગાળામાં અર્થતંત્રમાં ચીજવસ્તુઓના કુલ ઉત્પાદનમાં થતો વધારો.

## આર્થિક વિકાસનો અર્થ આપો.

- આર્થિક વિકાસ એટલે સમયના લાંબા ગાળામાં આવકના વધારાની સાથે અર્થતંતમાં વસ્તીની સુખાકારીમાં થતો વધારો.

## માથાદીઠ આવક એટલે શું ?

- દેશની કુલ રાષ્ટ્રીય આવકને કુલ વસ્તી વડે ભાગતાં જે આવક મળે છે, તેને માથાદીઠ આવક કહે છે.

## રાષ્ટ્રીય આવકની તુલનામાં માથાદીઠ આવકનો માપદંડ શા માટે વધુ આવકારદાયક છે ?

- માથાદીઠ આવક દેશની વસ્તીને પણ ધ્યાનમાં લે છે. તેથી રાષ્ટ્રીય આવકની તુલનામાં માથાદીઠ આવકનો માપદંડ વધુ આવકારદાયક છે.

## જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક કોણે રજૂ કર્યો હતો ?

- જીવનની ભૌતિક ગુણવતાનો આંક ડેવિસ મોરિસે રજૂ કર્યો હતો.

## 2014માં HDI ના કેટલા દેશોના આંક બહાર પડ્યા છે ?

- 2014માં HDI ના 188 દેશોના આંક બહાર પડ્યા છે.

## માનવવિકાસના અંકમાં કયાં પરિબળોને આવરી લેવામાં આવ્યાં છે ?

- માનવવિકાસના આંકમાં આવરી લેવામાં આવતાં પરિબળો આ મુજબ છે: (1) અપેક્ષિત આયુષ્ય, (2) શિક્ષણ (જ્ઞાન) અને (3) જીવનધોરણ

## બાળ-મૃત્યુદર એટલે શું ?

- બાળ-મૃત્યુદર એટલે દર વર્ષે પ્રત્યેક હજાર જીવતા જન્મેલાં બાળકોમાં એક વર્ષ સુધીમાં મૃત્યુ પામતા બાળકોનું પ્રમાણ.

## માનવવિકાસના આંકનું મહત્તમ મૂલ્ય જણાવો.

- માનવવિકાસના આંકનું મહત્તમ મૂલ્ય 1 છે

## ઊંચી માથાદીઠ આવક શું સુચવે છે ?

- ઊંચી માથાદીઠ આવક દેશના આર્થિક વિકાસનો ઊંચો દર સૂચવે છે.

## રાષ્ટ્રીય આવકના નિર્દેશકની મર્યાદાઓ જણાવો.

- રાષ્ટ્રીય આવકને આર્થિક વિકાસના એક નિર્દેશક તરીકે સ્વીકારવામાં કેટલીક મર્યાદાઓ નીચે મૂજબ છે :

- સાચી રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલી : બેવડી ગણતરી, સ્વ-વપરાશની વસ્તુઓ, ઘસારો જાણવાની મુશ્કેલી, ગેરકાયદેસર આવક, કરચોરી, સાટા પદ્ધતિ, નિરક્ષરતા, એક કરતાં વધુ વ્યવસાયમાં રોકાયેલા લોકો વગેરે જેવા કારણોસર સાચી રાષ્ટ્રીય આવક જાણી શકાતી નથી. તેથી રાષ્ટ્રીય આવક સાચો માપદંડ ગણી શકાય નહીં.

- વસ્તી : રાષ્ટ્રીય આવકની સાથે દેશની વસ્તીનું પ્રમાણ ધ્યાનમાં લેવામાં આવે તો જ માથાદીઠ આવકનું પ્રમાણ આર્થિક વિકાસનો સાચો માપદંડ ગણી શકાય.

- રાષ્ટ્રીય આવકની ગણતરેની પદ્ધતિ : વિશ્વના દેશો જુદી જુદી પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરે છે. તેથી આંતરરાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રીય આવકની તુલનાનું કાર્ય ખૂબ મુશ્કેલ બને છે.

## માથાદીઠ આવકના નિર્દેશકનીમર્યાદાઓ જણાવો.

- માથાદીઠ આવક એ રાષ્ટ્રીય આવક કરતાં આર્થિક વિકાસનો સાચો માપદંડ છે, છતાં તેની કેટલીક મર્યાદાઓ નીચે પ્રમાણે છે.

- માથાદીઠ આવક માત્ર અંદાજ છે : દેશની વસ્તી 10 વર્ષે ગણાય છે. તેથી બાકીનાં વર્ષોમાં વસ્તીના અંદાજ મેળવાય છે. તેથી સાચી માથાદીઠ આવકની સાચી સ્થિતિ જાણી શકાતી નથી.

- માથાદીઠ આવક માત્ર સરેરાશ છે : માથાદીઠ આવક જેટલી આવક દેશના બધા નાગરિકોને મળે છે તેમ કહી શકાય નહીં. જો માથાદીઠ આવક વધે અને જો આવકની વહેંચણી અસમાન રીતે થાય, તો આર્થિક વિકાસ થયો નથી તેમ કહેવાય. તેથી માથાદીઠ આવકનો નિર્દેશક ખામીયુક્ત ગણાય.

- આર્થિક વિકાસની સરખામણીની મુશ્કેલી : દુનિયાના દેશની માથાદીઠ આવક જે-તે દેશોનાં ચલણમાં હોય છે. દુનિયાના દોશોએ પોતાના હુંડિયામણના દર પોતાની રીતે નક્કી કરેલા હોઈ સાચો વિનિમય-દર જાણી શકાતો નથી. પરિણામે માથાદીઠ આવકની મદદથી જુદા જુદા આર્થિક વિકાસની સાચી સરખામણી થઈ શકતી નથી.

## પરિણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો કયાં કયાં આવે છે તે જણાવો.

- આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસમાં નીચેનાં પરિણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો આવે છે :

- પરિણાત્મક પરિવર્તનો : અર્થતંત્રમાં તાલીમી વસ્તી અને બચત વધતાં મુડી અને શ્રમનું પ્રમાણ વધે છે. પરિણામે લાંબા ગાળા દરમિયાન વાસ્તવિક આવક વધે છે અને ઉત્પાદન વૃદ્ધિ થાય છે. આવાં પરિવર્તનો પરિણાત્મક પરિવર્તનો છે.

- ગુણાત્મક પરિવર્તનો : ઉદ્યોગો આધુનિક ટેકનોલૉજીનો ઉપયોગ થાય ત્યારે અર્થતંત્રમાં શંકર બિયારણ શોધાયા, નવી ખેત-પદ્ધતિ અમલમાં મુકાય છે. તેથી ખેત-ઉત્પાદન વધે છે અને તેની ગુણવત્તા સુધરે છે. આવાં પરિવર્તનો ગુણાત્મક પરિવર્તનો છે.

## વિકાસના નિર્દેશકો શું છે ? યાદી આપો.

- જે પરિબળો કે બાબતો સંખ્યાત્મક છે; જેના દ્વારા દેશનો આર્થિક વિકાસ થયો છે કે નહી અને થયો હોય, તો કેટલી ઝડપથી થયો છે તેમજ આર્થિક વિકાસનું સ્તર જાણી શકાય છે, તે પરિબળોને આર્થિક વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે.

- આર્થિક વિકાસના નિર્દેશકોની યાદી નીચે પ્રમાણે છે :

    - રાષ્ટ્રીય આવક, (2) માથાદીઠ આવક, (3)જીવનની ભૌતિક ગુણવતા અને તેનો આંક - PQLI, (4)માનવ વિકાસનો આંક – HDI. (5) માનવ ગરીબી આંક – HPI, (6) જાતીય વિકાસ આંક – GDI તથા (7) જીવન નિર્વાહનો આંક – SLI

## વૃદ્ધિની મર્યાદાઓ જણાવો. .

- આર્થિક વૃદ્ધિની મર્યાદાઓ નીચે પ્રમાણે છે :
- આર્થિક વૃદ્ધિનો ખ્યાલ સંકુચિત છે. તેમાં ઉત્પાદનનાં ચાર સાચનોના પ્રમાણ અને ઉત્પાદનમાં થતા વધારાને જ ધ્યાનમાં લેવાય છે.
- આર્થિક વૃદ્ધિમાં માત્ર પરિણાત્મક પરિવર્તનો જ ધ્યાનમાં લેવાય છે.
- આર્થિક વૃદ્ધિમાં રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક વધે છે, પરંતુ સંસ્થાકીય અને મનોવૈજ્ઞાનિક વલણો બદલાતાં નથી. તેથી લોકોનું કલ્યાણ તેમજ સામાજિક પરિવર્તન જાણવા તે બહુ ઉપયોગી નથી.
- વિકાસમાન દેશોમાં આર્થિક વૃદ્ધિ થતાં બેકારી, ગરીબી ન ઘટતાં વિકાસનાં લાભો ગરીબો સુધી પહોંચતાં નથી. આવી આર્થિક પ્રગતિને રૉબર્ટ ક્લોવર ‘વિકાસ વિહોણી વૃદ્ધિ’ તરીકે ઓળખે છે.

## વિકાસની મર્યાદાઓ જણાવો.

- આર્થિક વિકાસની મર્યાદાઓ નીચે પ્રમાણે છે.

- આર્થિક વિકાસ દેશની આર્થિક પ્રગતી દર્શાવી શકે છે, પરંતુ માનવવિકાસનો માપદંડ બની શકતો નથી.

- આર્થિક વિકાસમાં સમાજમાં થતાં પરિવર્તનો સમાવિષ્ટ છે. તેથી તેને મપવાનું કાર્ય મુશ્કેલ છે.

- આર્થિક વિકાસમાં સામાન્ય રીતે પ્રજાનું જીવનધોરણ સુધરે છે, પરંતુ આર્થિક વિકાસ એટલે હંમેશા જીવનધોરણમાં સુધારો એવું કહી શકાય નહીં.

## અપેક્ષીત આયુષ્ય એટલે શું ?

- બાળકના જન્મ સમયે તે કેટલા વર્ષનું આયુષ્ય ભેગવશે તેની અપેક્ષાને આયુષ્ય કહે છે.

- અપેક્ષિત અયુસ઼્ય પ્રજાનું સરેરાશ આયુષ્ય દર્શાવે છે.

- જેમ અપેક્ષિત આયુષ્ય વધે તેમ આરોગ્યની સેવાઓ સારી છે તેમ કહેવાય .

- જીવનની ભૌતિક ગુણવત્તા માપવા માટે અપેક્ષિત આયુસ઼્ય ઉપયોગી ઘટક છે.

## સેનિટેશનની સુવિધા શેમા6 સુધારો સૂચવે છે ?

- સેનિટેશનની સુકિધાને કારણે (1) ગંદકીનો યોગ્ય નિકાલ થાય છે. (2) પીવાનું શુદ્ધ પાણી મળી રહે છે. પરિણેંઅમે આરોગ્યની પરિસ્થિતિ સુધરતાં લોકોની સુખાકારીનું પ્રમાણ વધે છે અને તેમના જીવનધોરણમાં સુધારો થાય છે.

- આમ, સેનિટેશનની સુવિધાને કારણે જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો થાય છે.

## જીવનની ભૌતિક ગુણવતા એટલે શું ? તેમાં કી બાબતોનો સમાવેશ થાય છે ?

- સમયના કોઈ એક ગાળા દરમિયાન વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ દ્વારા વિવિધ વસ્તુઓ અને સેવાઓના વપરાશના ધોરણે કે જીવનધોરણમાં થતા સુધારાનો અંદાજ.

- જીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરવા માટે વસ્તુ◌ુ◌ુઓ અને સેવાઓમાં મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

- ખોરાક (કૅલરી, પ્રોટીન, ચરબી)

- આરોગ્ય અને તબીબી સેવાઓ (વસ્તીના એકમદીઠ ડૉક્ટરનું પ્રમાણ)

- રહેઠાણ અને કપડાં (ઓરડાઓની સંખ્યા, ઓરડાદીઠ સરેરાશ વ્યક્તિ)

- શિક્ષણ અને મનોરંજન (પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર શિક્ષણ મેળવનારની વસ્તીની ટકાવારી, થીએટર્સ,ટીવીની સંખ્યાં)

- પરિવહન અને માહિતી પ્રસારણ સેવાઓ (વસ્તીદીઠ રસ્તા-રેલવેની લંબાઈ, ટેલીફોન, મોબાઈલની સંખ્યા)

- ઊર્જા-શક્તિ (માથાદીઠ ઊર્જાની વપરાશ )
- વસ્તીને મળતું પીવાનું પાણી ચોખ્ખું પાણી
- સરેરાશ આયુષ્ય
- બાળમૃત્યુનું પ્રમાણ
- ડ્રેનેજની સુવિધા
- ઉપરની તમામ બાબતોમાં થતો સુધારો જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો થયો એવું સુચન કરે છે.

## આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવકની ચર્ચા કરો.

- આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવક એક મહત્વનો નિર્દેશક છે.

  જો દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા ગળે સતત વધારો થતો હોય, તો દેશનો આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય.

  વાસ્તવિક રાષ્ટ્રીય આવકની ગણતરી સ્થિર ભાવે કરવામાં આવે છે.

  જો રાષ્ટ્રીય આવક ઊંચા દરે વધે, તો દેશના આર્થિક વિકાસનો દર ઊંચો ગણાય અને જો રાષ્ટ્રીય આવક નીચા દરે વધે, તો દેશના આર્થિક વિકાસનો દર નીચો ગણાય છે.

  જો રાષ્ટ્રીય આવકમાં વધારો ન થતો હોય, તો દેશનો આર્થિક વિકાસ સ્થગિત અવસ્થામાં

છે તેમ કહેવાય. જો રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થયો હોય, તો દેશના આર્થિક વિકાસમાં પીછેહઠની સ્થિતિ ગણાય છે.

વિશ્વના જુદા જુદા દેશોની રાષ્ટ્રીય આવકની નીચેની અનુસુચી આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થયો હોય, તો દેશમાં આર્થિક વિકાસમાં પીછેહઠની સ્થિતિ ગણાય છે.

વિશ્વના જુદા જુદા દેશોની રાષ્ટ્રીય આવકની નીચેની અનુસુચી આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવકનો ખ્યાલ સ્પષ્ટ કરે છે.

- | દેશ | રાષ્ટ્રીય આવક (બજાર ભાવે)(ટ્રીલીયન ડૉલરમાં) | વાર્ષિક વૃદ્ધિદર 2014 (ટકામાં) |
  |---|---|---|
  | નૉર્વે | 20.499 | 2.2 |
  | અમેરિકા | 17.419 | 2.4 |
  | શ્રીલંકા | 0.078 | 4.5 |
  | ચીન | 12.354 | 7.3 |
  | ભારત | 2.049 | 7.3 |
  | પાકિસ્તાન | 0.243 | 4.7 |

**અનુસુચી પરથી રાષ્ટ્રીય આવકના માપદંડ દ્વારા કહી શકાય કે** : ભારત, પાકિસ્તાન, શ્રીલંકા જેવા દીધો કરતાં નૉર્વે, અમેરિકા, ચીન જેવા દેશોની રાષ્ટ્રીય આવક વધુ છે. તેથી તેવા દેશોના આર્થિક વિકાસની સપાતી ઊંચી છે તેમ કહી શકાય. વળી ભારતની રાષ્ટ્રીય આવક પાકિસ્તાનની રાષ્ટ્રીય આવક કરતાં લગભગ 8 ગણી વધારે છે. તેથી રાષ્ટ્રીય આવકના માપદંડ મૂજબ ભારતના આર્થિક વિકાસની કક્ષા પાકિસ્તાનના વિકાસ કરતાં ઘણી ઊંચી છે એમ કહી શકાય. રાષ્ટ્રીય આવકનો વાર્ષિક વૃદ્ધિદર જોતાં નૉર્વે, અમેરિકા, શ્રીલંકા અને પાકિસ્તાન જેવા દેશો કરતાં ભારત અને ચીન જેવા દેશોનો વિકાસદર વધારે છે.

- 

રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલી, ગણવાની જુદી જુદી પદ્ધતિઓ અને દેશની વસ્તીના પ્રમાણને કારણે રાષ્ટ્રીય આવક આર્થિક વિકાસનો સાચો માપદંડ ગણાય નહીં.